# <u>ક્યાંય ન જાઉં મારે દૂર</u>

ક્યાંય ન જાઉં મારે દૂર સાહેબ, ક્યાંય ન જાઉં મારે દૂર...

તવ પદ પંકજ તજીને વ્હાલમ, ક્યાંય ન જાઉં મારે દૂર,

ક્યાંય ન જાઉં મારે દૂર...

અદ્ભુત આનંદ વ્યાપ્યો ઉરમાં, દર્શને કીધી ન્યાલ,

અખંડ વૃત્તિ યાચું સાહેબ, દેજો ભક્ત તણાં પ્રતિપાલ..

ક્યાંય ન જાઉં મારે દૂર...

હાસ્ય તમારું, મુજને પ્યારું, કરતું પુલકિત હૃદય અમારું,

જોઈ છટા મુખ ચંદ્રની અદ્ભુત, ચકિત થયું મન મારું...

ક્યાંય ન જાઉં મારે દૂર...

સ્નેહલ સુખકર, સૂરત તારી, મૂરત મુજ મન માની,

નીરખતાંમાં કરતી કામણ, વૃત્તિ થાયે નિરમાની...

ક્યાંય ન જાઉં મારે દૂર...

નિરમલ મધૂરી મુખથી ઝરતી, અમૃત સરખી વાણી,

અંતરના ઉદ્વેગો હરતી, મદનું કરતું પાણી...

ક્યાંય ન જાઉં મારે દૂર...

દિવ્ય બુદ્ધિના દાતા છો તમે, ઐશ્વર્ય પ્રતાપ ભારી,

કરતા-હરતા આપ જ છો તો, લેજો હવે ઉગારી...

ક્યાંય ન જાઉં મારે દૂર...